## ગાંધીનગરના દુબઈથી આવેલ યુવકને મોડીરાત્રે કોરોના વાયરસ પોઝિટિવ જણાતા તંત્રમાં દોડધામ


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૦ | ૨૧ માર્ચ, ૨૦૨૦, શનિવાર; ફાગણ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ભારતમાં કોરોનાનો ભરડો : ૨૨૩ કેસ

**મોતનો આંકડો પાંચ ઉપર પહોંચ્યો, શટડાઉનનો દોર શરૂ કરાયો : દેશના જુદા જુદા રાજ્યોમાં કોરોનાના નવા કેસો સપાટી ઉપર આવતા તંત્રમાં દોડધામ વધી**

નવી દિલ્હી, તા.૨૦

દુનિયાના દેશોની સાથે સાથે હવે કોરોના વાયરસે ભારતના પણ ચાર કેન્દ્રશાસિત પ્રદેશની સાથે સાથે ૧૯ રાજ્યોને કોરોના વાયરસના સકંજામાં લઈ લીધા છે. આની સાથે જ ચિંતા વધી રહી છે. કોરોના વાયરસના કારણે ભારતમાં હજુ સુધી પાંચ લોકોના મોત થયા છે અને કેસોની સંખ્યા વધીને ૨૨૩ ઉપર પહોંચી ગઈ છે. ભારતમાં ૩૨ વિદેશીઓ સહિત ૨૨૩ કેસો સપાટી ઉપર આવ્યા છે. ગુજરાત રાજ્ય પણ કોરોનાના સકંજામાં આવ્યું છે. સરકારે હવે કોરોનાની અફવાની ફરિયાદના સંબંધમાં વોટ્સ એપ નંબર જારી કરી દીધા છે. જેના પર ફોન કરીને માહિતી મેળવી શકાશે. બે અધિકારીઓને કોરોના પોઝિટીવ આવ્યા બાદ ઈન્દિરા ગાંધી ફોરેસ્ટ એકેડમીને બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મહારાષ્ટ્રમાં કોરોનાના કેસોની વાત કરવામાં આવે તો પુણેમાં સૌથી વધુ કેસો સપાટી પર આવ્યા છે.કોરોના વાયરસનો સામનો કરવા માટે દિલ્હીમાં એક પછી એક પગલા લેવામાં આવી રહ્યા છે. હવે કોઈપણ પ્રકારના કાર્યક્રમ, પ્રદર્શનમાં ૫૦થી વધુ લોકો એકત્રિત થઈ શકશે નહીં. પહેલા આ સંખ્યા ૨૦૦ રાખવામાં આવી હતી. અલબત્ત લગ્ન પ્રસંગને રાહત આપવામાં આવી છે. જીમ, નાઈટ ક્લબ, સ્પાને પણ ૩૧મી માર્ચ સુધી બંધ કરવાનો નિર્ણય કરાયો છે. કોરોના વાયરસના કેસોની સંખ્યા વધી રહી છે ત્યારે ભારતમાં તકેદારીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. ઘણા પ્રવાસી સ્થળો પણ બંધ કરવામાં આવ્યા છે. ચાર કેન્દ્રશાસિત પ્રદેશ સહિત ૨૦ રાજ્યો કોરોનાના સકંજામાં આવી ગયા છે. ભારતમાં કોરોનાના સૌથી વધારે કેસો મહારાષ્ટ્રમાં નોંધાયા છે. ભારતમાં ૩૨ વિદેશી લોકો પણ કોરોના વાયરસના સકંજામાં આવી ગયા છે. ભારતમાં કોરોના વાયરસને રોકવા માટે વિશ્વના અન્ય દેશોની તુલનામાં વધારે પગલા લેવામાં

● અનુસંધાન પાના - ૭ પર

## રાજસ્થાનમાં વધુ એક મોત

દેશમાં કોરોનાવાઈરસથી પાંચમું મોત રાજસ્થાનમાં થયું છે. શુક્રવારે ૬૯ વર્ષના ઈટલીના નાગરિકે જીવ ગુમાવ્યો છે. આ ૧૭ લોકોનું ગ્રુપ ભારતમાં ફરવા આવ્યું હતું. સંક્રમિતોની સંખ્યા પણ આજે ઝડપથી વધી રહી છે અને તે ૨૦૫ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં ૩, ઉત્તર પ્રદેશમાં ૪, તેલંગાણામાં ૨, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશમાં ૧-૧ કેસ પ્રકાશમાં આવ્યા છે.

## દિલ્હી મેટ્રો ૨૨મીએ બંધ જ રહેશે

નવી દિલ્હી, તા. ૨૦

કોરોના વાયરસના ખતરાને ધ્યાનમાં લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨મી માર્ચના દિવસે જનતા કર્ફ્યુની અપીલ કરી છે. આને ધ્યાનમાં લઈને દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશને એ દિવસે મેટ્રો નહીં ચલાવવાનો નિર્ણય કર્યો છે. ડીએમઆરસી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, લોકોને ઘરમાં રહેવા અને સોશિયલ મિડિયાથી અંતર રાખવાના હેતુસર આ નિર્ણય કરાયો છે. દિલ્હી મેટ્રોએ એડવાઈઝરી જારી કરીને કહ્યું છે કે, શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવી રહ્યા છે. દિલ્હી મેટ્રોના યાત્રીઓને સૂચના આપવામાં આવી છે કે, જરૂરી હોય તો જ મેટ્રો લેવાની અપીલ કરવામાં આવી છે. મેટ્રોમાં યાત્રીઓને ઉભા રહેવાની તક આપવામાં આવશે નહીં. આ ઉપરાંત એક સીટ છોડીને બેસવા માટે કહેવામાં આવ્યું છે.

## દિલ્હીમાં મોલ સદંતર બંધ રાખવા આદેશ

કોરોનાના ભયને કારણે દિલ્હી સરકાર હવે સતર્ક થઈ છે. દિલ્હી સરકારે મોલને સદંતર બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ પહેલાં કેજરીવાલ સરકારે રેસ્ટોરન્ટ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. આ અંગેની જાણકારી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા ટ્વીટ કરી આપવામાં આવી હતી.

## મુંબઈ સહિત ચાર શહેરોમાં લોકડાઉન

**પુણે, મુંબઈ, પિમ્પરી, ચિંચવાડ તેમજ નાગપુરમાં કોરોના લોકડાઉનનો નિર્ણય**
**તમામ જરૂરી ચીજવસ્તુઓ યથાવત રીતે ઉપલબ્ધ : પરીક્ષાઓ રદ કરી દેવાઈ**



મુંબઈ, તા. ૨૦

મહારાષ્ટ્રના ચાર શહેરોમાં લોકડાઉનની સ્થિતિ થઈ ગઈ છે. આ ગાળા દરમિયાન જરૂરી સેવા પહેલાની જેમ જારી રહેશે પરંતુ બાકી ચીજો બંધ રહેશે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ જાહેરાત કરી છે કે, પુણે અને મુંબઈમાં તમામ દુકાનો બંધ રહેશે. ટિમ્પરી, ચિંચવાડમાં પણ બંધ રહેશે. બેંક સેવાઓ ખુલ્લી રહેશે. મેડિકલ સેવાઓ પણ ખુલ્લી રહેશે. ભારતમાં કોરોના વાયરસના પરિણામ સ્વરુપે હાહાકારની સ્થિતિ સર્જાયેલી છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસો નોંધાયા છે. એકલા મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા વધીને ૫૨ ઉપર પહોંચી છે. કોરોના વાયરસના ખતરાને ધ્યાનમાં લઈને મુંબઈ સહિત ચાર શહેરોમાં લોકડાઉનની સ્થિતિ સર્જાયેલી છે. જરૂરી ચીજો સાથે સંબંધિત રશનિંગની દુકાનો હાલમાં ખુલ્લી રહેશે. દૂધ પણ ઉપલબ્ધ રહેશે. મેડિકલ સેવાઓ ખુલ્લી રહેશે. હોસ્પિટલ ખુલ્લી રહેશે. પરિવારના માધ્યમ ચાલુ રહેશે. મુંબઈમાં લોકલ ટ્રેન સેવા બંધ કરવામાં આવશે નહીં.

● અનુસંધાન પાના - ૭ પર

## ગાયિકા કનિકા કપૂરને કોરોના પોઝિટિવ જણાતા હાહાકાર મચ્યો



દેશભરમાં કોરોના વાયરસનો ખતરો વધી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨મી માર્ચના દિવસે જનતા કર્ફ્યુની અપીલ કરી છે. જુદી જુદી જગ્યા પર લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે પરંતુ એક બોલીવુડ ગાયિકા કનિકા કપૂર પોઝિટિવ આવતા હાહાકાર મચી ગયો છે. સેંકડો લોકોને કનિકાએ ખતરામાં મુક્યા છે કે કેમ તેને લઈને ચર્ચા છેડાઈ ગઈ છે. બોલીવુડ અભિનેત્રીના લાપરવાહીવાળા વર્તનના લીધે સેંકડો લોકો મુશ્કેલીમાં મુકાયા છે.

## રાજ્યમાં કોરોનાના વધુ પાંચ કેસ પોઝિટિવ નોંધાતા ભારે ખળભળાટ

**હવે રાજ્યમાં કુલ સાત પોઝિટિવ કેસ થયા જેમાં અમદાવાદમાં ૩, વડોદરામાં ૨ અને સુરત - રાજકોટમાં ૧-૧ કેસ પોઝિટિવ**
**રાજ્યના મોટાભાગના વિસ્તારમાં ૧૪૪ કલમ લાગુ**



અમદાવાદ,તા. ૨૦

દેશ અને દુનિયાની સાથે સાથે ગુજરાતમાં પણ ઝડપથી કેસોમાં વધારો થયો છે. આજે વધુ પાંચ કેસ સપાટી ઉપર આવતા કેસોની સંખ્યા વધીને ૭ ઉપર પહોંચી છે. ગુજરાતમાં કોરોનાના પગપેસારા બાદથી ભારે દહેશતની સાથે સાથે તંત્રમાં ખળભળાટ મચી ગયો છે. કુલ સાત કેસો છે. અન્ય સાવચેતીના તમામ પગલા પણ લેવાઈ રહ્યા છે. ગુજરાતમાં કોરોના વાયરસના પોઝીટીવ કેસની સંખ્યા ગઈકાલે બે હતી તે એક દિવસમાં જ સાડા ત્રણ ગણી વધીને આજે સાત થઈ જતાં રાજ્યભરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ખાસ કરીને અમદાવાદમાં કોરોના પોઝીટીવના ત્રણ કેસો સામે આવતાં જબરદસ્ત હડકંપ મચી ગયો છે.



પૈકી અમદાવાદમાં ત્રણ, સુરતમાં એક, રાજકોટમાં એક અને વડોદરામાં બે કેસો નોંધાયા છે. કેસોની સંખ્યા વધવાની દહેશત હોવાથી તંત્ર દ્વારા તમામ સાવચેતી રાખવામાં આવી રહી છે. મોટી સંખ્યામાં દર્દીઓના ટેસ્ટના પરિણામ હજુ આવ્યા નથી. કેસોની સંખ્યામાં વધારો થતાં અમદાવાદ, સુરત, રાજકોટ, અરવલ્લી સહિતના તમામ મોટા વિસ્તારોમાં કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી અમદાવાદની બે મહિલા સહિત ત્રણ જણાં અને વડોદરાના એક યુવાન સહિત બે જણાંનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અમદાવાદમાં જેમના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે તેમાંથી એક યુવતી ન્યૂયોર્કથી આવી હતી જ્યારે બીજી મહિલા ફિનલેન્ડથી આવી હતી. જ્યારે વડોદરામાં જેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તે યુવાન સ્પેનથી આવ્યો હતો. આ

● અનુસંધાન પાના - ૭ પર

# હવે, ૧૭૯ દેશોમાં કોરોના

**૨.૫ લાખથી વધુ લોકો સંક્રમિત : : મૃત્યુઆંક ૧૦,૨૪૬ : અમેરિકામાં ૧૦ હજારથી વધુ લોકો સંક્રમિત : ૧૫૦થી વધુ લોકોના મોત : ઇટાલીમાં સૌથી વધુ ૩૪૦૦ કેસ**

ન્યુ દિલ્હી,તા.૨૦

કોરોના વાઈરસથી શુક્રવાર સવાર સુધી ૧૭૯ દેશો ઝપટમાં આવી ગયા છે. અત્યાર સુધી ૧૦,૦૩૫ લોકોના મોત થયા છે. જ્યારે ૨,૪૪,૯૭૯ લોકોને ઈન્ફેક્શન થયું હોવાની માહિતી મળી છે. સાવી રાત એ છે કે આ દરમિયાન ૮૭,૪૦૮ દર્દીઓ સાજા પણ થયા છે. કોરોના વાઈરસનું ઈન્ફેક્શન ચીનથી શરૂ થયું હતું. જોકે ત્યાં હવે સ્થિતિ નિયંત્રણમાં આવી ગઈ છે. પરંતુ યુરોપીય દેશ ઈટાલીમાં સ્થિતિ વધારે ભયંકર છે. શુક્રવારે સવાર સુધીમાં ચીનમાં મોતનો આંકડો ૩,૨૪૫ હતો જ્યારે ઈટાલીમા આ દરમિયાન ઈન્ફેક્શનના કારણે કુલ ૩,૪૦૫ લોકોના મોત થયા છે. બીજી બાજુ ઈરાન સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદને પણ લોકોની ચિંતા વધારી દીધી છે. ઈરાનના સ્વાસ્થય વિભાગે કહ્યું છે કે, દેશમાં દર ૧૦ મિનિટે એક ઈન્ફેક્ટડ વ્યક્તિનું મોત થઈ રહ્યું છે અને દર ૫૦ મિનિટે એક નવો કેસ સામે આવી રહ્યો છે. પાકિસ્તાનમાં ગુરુવાર સુધીમાં ૪૫૩ લોકોને ઈન્ફેક્શન થયું છે. અમેરિકા હવે તેમની સેનાને પણ મેદાનમાં ઉતારી રહી છે.

ચીનના વુહાન શહેરમાંથી શરૂ થયેલો આ કોરોના વાયરસનો કહેર હવે દુનિયાભરમાં ફેલાવો કરી રહ્યો છે. આ વાયરસની અસર હાલ ચીન કરતાં પણ સૌથી વધુ ઈટાલીમાં થઈ છે. ચીનથી વધુ લોકોના મોત પણ હાલ ઈટાલીમાં થઈ રહ્યાં છે. સૌથી વધુ મોત ઈટાલીમાં ૩૪૦૫ લોકોના થયા છે. વળી, ચીનમાં ૩૨૪૮ લોકોના મોત થયા છે.

અન્ય દેશોની વાત કરીએ તો આ વાયરસના કારણે ઈરાનમાં ૧૨૮૪, અમેરિકામાં ૧૫૪, સ્પેનમાં ૮૩૧ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. દુનિયાભરમામાં હાલના સમયે ૨૪૫,૦૭૩ લોકો કોરોના વાયરસથી સંક્રમિત છે.

## સ્પેનમાં બેકાબુ સ્થિતિઃ ઇરાનમાં દર ૧૦ મિનિટે ૧ મોત

ઈરાનમાં તો હાલત એટલી ખરાબ થઈ ગઈ છે. અહીં દર દસ મિનીટે એક વ્યકિત કોરોનાના કારણે મરી રહ્યો છે. ઈરાનના આરોગ્ય મંત્રાલયના પ્રવકતા કિયાનુશ જહાંપુરે ગઈ કાલે એક ટવીટમાં આ માહિતી આપતા કહ્યું કે એક કલાકમાં ૫૦ લોકો સંક્રમણના શિકાર બની જાય છે. ઈરાનમાં છેલ્લા એક દિવસમાં ૧૪૯ લોકોના મોત થયા હતા. અને એક હજારથી વધારે નવા કેસો બહાર આવ્યા છે.

## આર્જેન્ટિમાં લોકડાઉન જાહેર

શુક્રવારે રાષ્ટ્રપતિ ફર્નાન્ડિઝે દેશને લોકડાઉન જાહેર કર્યું છે. લોકોને ઘરમાંથી બહાર ન નીકળવાનું કહેવામાં આવ્યું છે. દરેક ઈમરજન્સી સેવાઓને લોક ડાઉનથી અલગ રાખવામાં આવી છે. દર્દીઓને લોકડાઉન વખતે બહાર નીકળવાની છૂટ આપવામાં આવી છે. પરંતુ જે લોકો કામ વગર ઘરની બહાર નીકળશે તેમની અટકાયત કરવામાં આવશે અને દંડ પણ કરાશે. આર્જેન્ટિનામાં શુક્રવાર સુધીમાં ૧૨૮ ઈન્ફેક્ટેડ કેસ નોંધવામાં આવ્યા છે. ૩ લોકોના મૃત્યુ થયા છે.

## સંપૂર્ણ કેલિફોર્નિયા લોકડાઉન કરાયું

સંપૂર્ણ કેલિફોર્નિયાને લોકડાઉન કરવામાં આવ્યુંઃ તમામ આશરે ૪૫ મિલિયન લોકોને ઘરમાં બંધ રહેવા આદેશ કરાયો છે.અમેરિકામાં સમગ્ર રાજ્યને પ્રથમ વખત લોકડાઉન કરી દેવામાં આવ્યું છે. કેલિફોર્નિયા રાજ્યના વડા ગેવિન ન્યુસમના આદેશ પ્રમાણે અમેરિકામાં સૌ પ્રથમ વખત રાજ્ય પ્રમાણે આ પ્રકારના નિયંત્રણ લાદવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કેલિફોર્નિયામાં કોરોનાના ૯૦૦થી વધારે પોઝિટિવ ટેસ્ટ આવ્યા છે અને ૧૯ લોકોના મોત થયા છે.

## પ્રધાનમંત્રીની મુખ્યમંત્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોરોના વાયરસને લઈને રોકથામ માટે જોરદાર એક્શન મૂડમાં દેખાઈ રહ્યા છે. કોરોના વાયરસના વધતા જતા કેસો વચ્ચે વડાપ્રધાને આજે જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રી સાથે કોરોના વાયરસના વધતા જતા ફેલાવવાને રોકવા વિવિધ પાસા પર ચર્ચા કરી હતી. રાજ્યની ક્ષમતા ઈમારતો જેવા મુદ્દા પર ચર્ચા થઈ હતી. સાથે સાથે સ્થાનિક હેલ્થ અધિકારીઓને ટ્રેનિંગ આપવાના મુદ્દા પર પણ ચર્ચા થઈ હતી. વિડિયો કોન્ફરન્સિંગ મારફતે આ ચર્ચા કરવામાં આવી હતી. મોદીએ ઉલ્લેખનીય વાતચીતનો દોર શરૂ કરી દીધો છે. કેન્દ્રીય આરોગ્યમંત્રી હર્ષવર્ધન અને અન્ય ટોપના અધિકારીઓ પણ વિડિયો કોન્ફરન્સિગ માટે યોજાયેલી વાતચીતમાં ઉપસ્થિત રહ્યા હતા. મોદી ગઈકાલે રાત્રે રાષ્ટ્રને નામ સંબોધન કરીને જનતા કર્ફ્યુ માટેની અપીલ કરી ચુક્યા છે.





